

# ચિલોડામાં જડબેસલાક સ્વયંભૂ લોકડાઉન

કોરોના મહામારીની લહેરમાં કહેર વર્તાવતો કોરોનાને હંફાવવા ગ્રામ્ય વિસ્તારોમાં આંશિક-સ્વૈચ્છિક લોકડાઉનના માધ્યમથી સતર્કતા અને જાગૃતતા કેળવવામાં સારો સંપૂર્ણ લોકડાઉનમાં ટેકો આપી જનહિતને પ્રાધાન્ય આપવા ગ્રામવાસીઓ સ્વૈચ્છિક યોગદાન આપી રહ્યા છે. ચિલોડા વિસ્તારમાં આવેલા ચિલોડા, ડભોડા, વિરાતલાવડી, ફિરોજપુર, સાદરા, મહુન્દ્રા ગામના સ્થાનિક સત્તાવાહકો અને અગ્રણી ગ્રામવાસીઓના સમજાવટ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાને માત આપવા કમર કસી રહ્યા છે. ત્યારે જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકના મુખ્ય બજારોમાં સ્થાનિક સત્તાવાહકો અને વેપારીઓ સાથે સ્વૈચ્છિક લોકડાઉનની સાથ-સહકાર સાથેની અપીલને માન આપી ૧૦મી એપ્રિલથી ચિલોડાના કોમ્પલેક્ષોમાં અક્ષર કોમ્પલેક્ષ, પ્રમુખ-ઈલાઈટ, અશ્વમેઘ કોમ્પલેક્ષ, ચિલોડા સર્કલના આસપાસના મીની બજારો, સાદરા રોડ પરના લારી-ગલ્લા, પાથરણાવાળા, મીની શાકમાર્કેટ, કરિયાણાની દુકાનો, દૂધ-પાર્લરો વગેરે વેપારીઆલમોએ આંશિક લોકડાઉનને ૨.૦૦ વાગ્યા પછી સ્વૈચ્છિક રીતે બંધ પાળી અપીલને માન આપી સજ્જડ બંધ પાળ્યો હતો. આ સાથે ચિલોડા વિસ્તારમાં માત્ર મેડિકલ દુકાનો સિવાય તમામ વાણિજ્ય દુકાનો બંધ રહેવા પામી હતી. આમ સંપૂર્ણ લોકડાઉન જણાતાં ગ્રામજનોના સાથ-સહકાર અને વેપારીઓએ સારો પ્રતિભાવ આપતા સર્વેનો આભાર માન્યો હતો.

# રાજ્યમાં કોરોનાનો હાહાકાર, નવા ૫૪૬૯ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૪ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૧૫૧૨૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૫૩૨ કેસ

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકડાઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૫૪૬૯ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૫૪૬૯ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૨૯૭૬ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૧૫,૧૨૭ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૦.૬૯ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૮૦,૫૫,૯૮૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૦,૬૭,૭૩૩ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૯૧,,૨૩,૭૧૯ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૧,૭૮,૧૫૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૩૪,૪૫૨ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૭,૫૬૮ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૨૦૩ લોકો વેન્ટિલેટર પર છે અને ૨૩,૩૬૫ લોકો સ્ટેબલ છે. ૩,૧૫,૧૨૭ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૮૦૦ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૫૪ લોકોનાં દુખદ નિધન થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશન ૧૯, સુરત કોર્પોરેશનમાં ૧૬, વડોદરા કોર્પોરેશન ૭, રાજકોટ કોર્પોરેશન ૫, બનાસકાંઠા ૨, સુરત ૨, અમદાવાદ ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧ અને જામનગરમાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે. આ પ્રકારે કુલ ૫૪ લોકોનાં મોત નિપજ્યાં છે.

# સલામ ખેડૂતોને : બાયડમાં ખેડૂતોનું કોરોના સંક્રમણ વધતાં ખેતીમાં પણ "સ્વયંભૂ લૉકડાઉન"

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

કાળઝાળ ગરમીમાં પણ ખેડૂતો ખેતીની સીઝનમાં પરોવાયા છે ત્યારે બાયડ તાલુકામાં વધતા કોરોનાના કેસથી બાયડના વેપારીઓએ શનિ-રવિ બે દિવસનું સંપૂર્ણ લૉકડાઉન આપતાં જડબેસલાક રહ્યું છે. જ્યારે બાયડના ખેડૂતોને પણ સલામ કરવાનું મન થાય. કારણ કે કોરોનાનું સંક્રમણ વધતાં ખેતીમાં પણ ખેડૂતોએ સ્વયંભૂ લૉકડાઉન અમલી બનાવી ખેતરમાં જવાનું ટાળ્યું હતું જેના કારણે ખેતમજૂર અનો ભાગીયાઓને બે દિવસ રાહત મળી હતી.



કહેવત છે ને કે રાજાને જો પ્રજા સાચી રીતે ઓળખી જાય તો પછી પ્રજાને છેતરવી મુશ્કેલ છે. આ બાબત કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવા જેવી નથી પરંતુ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું છે. બાયડ શહેર તેમજ તાલુકામાં વધતા કોરોનાના કેસથી પ્રજામાં ભય છવાયો છે ત્યારે બાયડના વેપારીઓએ તા.૧૦-૧૧ એપ્રિલના રોજ સ્વયંભૂ લૉકડાઉનનું એલાન કર્યું છે જેમાં લારી-પાથરણાંવાળાઓથી માંડી દુકાનદારો અને શોપીંગ મોલ જડબેસલાક બંધ રહેતાં કેટલાકના પેટમાં તેલ રેડાયું હતું.

દુકાનો ખોલવા માટે દબાણો થયા પરંતુ વેપારીઓ મક્કમ રહ્યા અને હવે મળેલી જાણકારી અનુસાર બાયડના ખેડૂતોએ પણ વેપારીઓના સ્વયંભૂ લૉકડાઉનને જાણે કે આડકતરૂ સમર્થન આપ્યું હોય તેમ ખેતીમાં પણ સ્વયંભૂ લૉકડાઉનના દ્રશ્યો સામે આવ્યા છે. સલામ બાયડના ખેડૂતોને. પરંતુ હવે રામ રાજ્યનો વાયદો કરનારાઓ ઉપર જવાબદારી અનેક ગણી વધી ગઈ છે..!!

# ભારતીબાપુ બ્રહ્મલીન થયા

## મહામંડલેશ્વરની વિદાયથી ભક્તોમાં શોકની લાગણી : સરખેજ આશ્રમમાં અંતિમ દર્શન, જુનાગઢમાં સમાધી : મહિના પહેલા શિવરાત્રી પર રાત્રીના નાગા બાવાની રવેળીમાં દર્શન આપ્યા હતા, તેમનો જન્મદિવસ સરખેજમાં ઉજવાશે

અમદાવાદ,તા.૧૧

રાજ્યના વરિષ્ઠ સંત ભારતી આશ્રમના મહામંડલેશ્વર વિશ્વંભર ભારતીજી મહારાજ મધ્યરાતે ૨:૩૦ કલાકે નાદુરસ્ત તબિયત હોવાને કારણે બ્રહ્મલીન થયા છે. સવારે ૮:૩૦થી ૯:૩૦ એટલે કે એક કલાક સુધી ભક્તોને સરખેજના ભારતી આશ્રમમાં તેમના અંતિમ દર્શનનો લાભ મળશે. ત્યારબાદ તેમના નશ્વરદેહને જુનાગઢના ભારતી આશ્રમ ખાતે લઈ જવાશે. જ્યાં તેમને સમાધિ આપવામાં આવશે. સરખેજ ભારતી આશ્રમ તેમજ જુનાગઢ ભવનાથ ભારતી આશ્રમના મહામંડલેશ્વર ભારતીબાપુ ૯૩ વર્ષની વયે ગઈકાલ મોડી રાત્રે ૨: ૩૦ કલાકે બ્રહ્મલીન થયા છે.મહામંડલેશ્વર ભારતીબાપુ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે નિકટનો સંબંધ ધરાવતા હતા. તેમજ સમગ્ર ભારતના સાધુ સમાજમાં પણ તેમનુ ખુબ જ નામ હતું. ભવનાથ તમામ સાધુ સમાજના અખાડામાં પણ તેઓ પૂજનીય સંત તરીકે પૂજાતા હતા. છેલ્લે ૧ મહિના પહેલા મહાશિવરાત્રી પર્વ ઉપર રાત્રિના નાગા બાવાની રવેળીમાં દર્શન આપ્યા હતા. તેમનો જન્મદિવસ સરખેજ ખાતે ઉજવવામાં આવ્યો હતો. ભારતીબાપુનો જન્મ અમદાવાદના ધોળકા તાલુકાના અરણેજ ગામમાં થયો હતો.૪ જાન્યુઆરી ૧૯૬૫ના દિવસે તેમની દિગંબર દીક્ષા કરાઈ હતી. ત્યારબાદ ૨૧ મે ૧૯૭૧ના રોજ અમદાવાદ ખાતે ભારતી આશ્રમની સ્થાપના કરી હતી તેમજ ૧૯૯૨માં મહામંડલેશ્વર બન્યા હતા. ભારતીબાપુએ પુરષોત્તમ લાલજી મહારાજના



વ્યસન મુક્તિના સંદેશ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં કામ કર્યું. ભારતીબાપુ શ્રી પંચ દશનામ જૂના અખાડાના અંતરરાષ્ટ્રીય અધ્યક્ષ હતા. ભારતીબાપુ સરખેજમાં આવેલા ભારતી આશ્રમમાં આર્યુવેદ દવાઓનું ઔષધાલય ચલાવતા હતા. અહીં દર્દીઓને મફતમાં સારવાર તેઅમ્જ દવાઓ પણ આપવામાં આવતી હતી. ભારતી આશ્રમ સ્વયસંચાલીત ગુરુકુળ પણ ધરાવે છે જેમાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ઉચ્ચશિક્ષણ આપવામાં મદદરૂપ બને છે. ભારતી આશ્રમમાં તમામ તહેવારો ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શ્રી મહંત હરિહરા નંદ બાપુ હવે ભારતી બાપુના નવા વારસદાર બનશે. તેઓ આશ્રમના નવા મહંત બનશે. ભારતી બાપુના ગુજરાતમાં ૫ આશ્રમ આવેલા છે, જેમાં અમરેલી ભાટ વાક્ચ, નર્મદા, સનાતન લબેનારાયણ ભારતીય, સરખેજ અને જૂનાગઢ આશ્રમ. જેમાંથી જુનાગઢના આશ્રમમાં બાપુને સમાધિ આપવામાં આવશે. હાલ બાપુના પાર્થિવ દેહને સરખેજ આશ્રમથી જુનાગઢ એમ્બ્યુલન્સમાં લઈ જવાની તૈયારીઓ શરૂ કરાઈ છે.

# સરપંચોને જિલ્લા કલેકટરની અપીલ, કોરોનાને નાથવા ગ્રામજનોનું ટ્રેસિંગ કરાય

રાજ્યમાં દિન-પ્રતિદિન કોરોના વાયરસના કેસો વધતા જાય છે. જેની ગંભીરતાને ધ્યાને લઈ સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા જિલ્લા વહિવટીતંત્રને કોરોનાને કાબુમાં લેવા મહામારીને નાથવા માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અરસકારક પગલા હાથ ધર્યા છે. જેમાં જિલ્લાના તમામ તાલુકામાં ૮ જેટલા નોડલ અધિકારીઓને કોવીડ-૧૯ માટે નિયુકત કરાયા છે. જેમાં વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ તથા તમામ પ્રાંત અધિકારીઓને દિશા નિદર્શે કરી આોરગ્યકર્મીઓને અમલવારી માટે ખાસ તકેદારી સોપાઈ છે. સાથે સાથે જિલ્લામાં સરકારી સિવિલ હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર પર રસીકરણ અભિયાન સઘન બનાવવા પર ખાસ ભાર મુક્યો છે.

# માધ્યમિક શિક્ષણ બોર્ડનો ચૂંટણી જંગ : સંચાલક મંડળના રસાકસી ભર્યા જંગમાં ભરત બાન્ટયાને મળતો વ્યાપક આવકાર

## માત્ર એક તક આપો અને પછી મારૂ કામ જુઓ, ઉમેદવારોનો ટંકાર

હિંમતનગર, તા.૧૧

ગુજરાત માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરના વિવિધ સંવર્ગના બોર્ડ સભ્યો માટેની ચૂંટણી તા.૨૫ એપ્રિલે યોજાવવાની છે ત્યારે સંવર્ગ-૮ શાળાઓના સંચાલકોના વિભાગમાં જબરી રસાકસી જોવા મળી છે. જંગમાં ભરત બેચરભાઈ બાન્ટયાએ ઝંપલાવતાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં તેમને વ્યાપક આવકાર મળી રહ્યો છે. સંચાલકોના અનેક પડતર પ્રશ્નો બાબતે સરકાર અને શિક્ષણ વિભાગ ઉદાસીન રહ્યો છે ત્યારે માત્ર એક તક આપો અને પછી મારૂ કામ જુઓ..તેવો ટંકાર ઉમેદવારે કર્યો છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનો ધમધમાટ ગત વર્ષથી શરૂ થયો પરંતુ કોરોનાના કારણે નિર્ધારીત સમય કરતાં ચૂંટણી સવા વર્ષ વિલંબથી યોજાઈ રહી છે. રાજ્યના શાળા સંચાલકો, વહીવટી કર્મચારી, મા. અને ઉ.મા. શાળાના આચાર્યો, માધ્યમિક



શિક્ષકો અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોના અનેક પડતર પ્રશ્નોના ઉકેલ લાવવામાં ચૂંટાયેલા મોટાભાગના બોર્ડ સભ્યો ઉદાસીન રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો અગાઉના બોર્ડ સભ્યોનું કશું ઉપજતું જ ન હોય તેવી છબી ઉભી થઈ હતી. જ્યારે છેલ્લે છેલ્લે સરકાર અને શિક્ષણ વિભાગે બોર્ડ સભ્યોની પાંખો કાપી લીધી હોય તેમ બેઠકોમાં ધરખમ ઘટાડો કરી માત્ર ૯ બેઠકો વિવિધ સંવર્ગમાં આપી છે જેના કારણે તમામ સંવર્ગમાં રસાકસી ભર્યો જંગ જામ્યો છે. ચૂંટણીના ખરાખરીના જંગમાં જો જીતા વહી સિકંદરની જેમ શાળા સંચાલક મંડળના રસાકસી ભર્યા જંગમાં તમામ ઉમેદવારોએ જંગ જીતવા એડી ટોચનું જોર લગાવ્યું છે. જંગમાં ભરત બાન્ટયાએ ઝંપલાવતાં અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા, પંચમહાલ, મહિસાગર સહિતના જિલ્લાઓમાં તેમને વ્યાપક આવકાર મળતો હોવાનું જણાવ્યું છે. તેઓએ તમામ સંચાલકોને અપીલ કરીને ભારે બહુમતીથી ચૂંટી કાઢવામાં આવશે તો ગ્રાન્ટનિતીનો પ્રશ્ન પરિણામ આધારીત છે જે નિતી બદલીને હવે વર્ગ આધારીત ગ્રાન્ટ કરવી, જૂની ગ્રાન્ટ પદ્ધતિથી ગ્રાન્ટનો અમલ કરાવવો, ગ્રાન્ટેડ શાળાઓને જીવતદાન અપાવવું, લઘુમતી સંસ્થાઓમાં સરકારે ભરતી બંધ કરવાનો પ્રયત્ન કર્યો છે. તે નિર્ણય સામે પણ તેઓએ પોતાનો ખુલ્લો વિરોધ દર્શાવ્યો છે. શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી થાય તે માટે ભરતી કરાવવી, સંચાલક મંડળોની ગ્રાન્ટેડ શાળાઓ ચાલુ રહે તેવા તમામ પ્રયત્નો સાથે તેઓએ સંચાલક મંડળના તમામ મતદારોને અપીલ કરી છે કે માત્ર એક તક આપો, આપશ્રી મારૂ કામ જુઓ, હું નિષ્ઠાપૂર્વક કામગીરી કરીશ..તેવું જણાવ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં માત્ર ૯ ટકા લોકોના કોરોના ટેસ્ટ, ટેસ્ટીંગની બીક દૂર કરો

ઉત્તર ગુજરાતની સવા કરોડ માનવ વસતીમાં કોરોનાના કહેરની બીક હાવિ થઈ ગઈ છે ત્યારે અત્યાર સુધીમાં ઉત્તર ગુજરાતમાં માત્ર ૮.૯ ટકા લોકોના કોરોના ટેસ્ટ થયા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન થયેલા કોરોના ટેસ્ટીંગમાં ૧૮૩૬ લોકો સંક્રમિત થયેલા જણાતાં હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. કેટલાકને કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કોરોનાનો ટેસ્ટ કરાવીશું એટલે ૫ દિવસ સુધી હોસ્પિટલમાં ધકેલી દેશે તેવી બીક લોકોમાં હાવિ થઈ ગઈ છે. જેથી કોરોના ટેસ્ટથી શિક્ષિત અને અભણ લોકો દૂર ભાગી રહ્યા છે. જ્યાં સુધી હર્ડઈમ્યુનિટી ડેવલપ નહીં થાય ત્યાં સુધી કોરોનાને રોકવો અઘરો છે. સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા પ્રજા સ્વયંભૂ કોરોનાના ટેસ્ટ કરાવે તે માટે તૈયાર કરવા પડશે. ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સૌથી ઓછું ટેસ્ટીંગ થયું છે જે પ્રજા અને વેપારીઓ માટે ઘાતક સાબિત થઈ શકે છે. કોરોનાના કારણે ઉત્તર ગુજરાત બેહાલ થઈ રહ્યું છે. પાછલા એક પખવાડીયાથી કોરોનાના કેસમાં આવેલો ઉછાળો ચિંતાજનક છે પરંતુ પ્રજાએ કોરોનાનો ટેસ્ટ પોઝિટિવ આવે તો ડરવાની જરૂર નથી.

## વુહાન બનવા ભણી... ● છેલ્લા પાનાનું ચાલુ

વિસ્તારમાંથી મળ્યા છે. જેમાં પ્રસિદ્ધ તીર્થધામ મહુડીમાંથી બે કેસ અને એક કેસ પુંધરા ગામેથી મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે નોંધાયેલા ૧૬ કેસમાં ૩ કેસ કલોલ અર્બનમાંથી મળી આવ્યા છે. કલોલ અર્બન-૧ માંથી એક અને કલોલ અર્બન-૨ વિસ્તારમાં બે મહિલા દર્દી નોંધાયા છે.

આ ઉપરાંત આમજા ગામમાંથી બે, મોખાસણમાંથી બે, છત્રાલમાંથી ૩, પાનસર ગામેથી બે કેસ મળી આવ્યા છે તેમજ શેરીસા, રાંચરડા, પલોડિયા અને લિહોડામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનુ વિકરાળ તાંડવ ચાલ્યુ છે. અહિયાં ગ્રામ્યવિસ્તારમાં આરોગ્ય સેવાઓ સામે પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાનો ભય ગ્રામજનોને ડરાવી રહ્યો છે. તાલુકામાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રની ચિંતા વધી છે પણ આરોગ્ય સેવાઓ અહિ જે રીતે વિકાસ પામવી જોઈએ તેવી વિકસીત નથી અને આરોગ્યતંત્રના કર્મયોગીઓની અછત પણ તંત્રને સતાવી રહી છે.

ગાંધીનગર તાલુકમાં આજે વાવોલમાંથી ૩, ડભોડામાંથી ૨, ગિફ્ટસીટીમાંથી ૨, અડાલજમાંથી ૫, કુડાસણમાંથી ૪, રાંદેસણમાંથી ૨, સુઘડમાંથી ૨, સરગાસણમાંથી પાંચ કેસ મળવા ઉપરાંત આદરજ મોટી, કાનપુર, રતનપુર, નવા કોબા, રાયસણ, પેથાપુર, વડોદરામાંથી કેસો મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૩૬૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૩૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૯૦ના આંકને પાર કરી ગઈ છે. એન્ટીજન ટેસ્ટમાં કેટલા કેસ મળી આવ્યા તેની વિગતો જાહેર થતી નથી તેથી ગ્રામીણ વિસ્તારમાં રહીશોમાં ભયની લાગણી વધુ પ્રસરેલી જોવા મળી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાઓનું તાકીદે સઘનીકરણ કરવામાં આવે તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ૪૫ કેસ નોંધાયા છે. શહેરમાં સંક્રમણના કેસ વધતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બીજી લહેરમાં જે રીતે મહિલા દર્દીઓ નોંધાઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં પરિવારોના પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્ર ચિંતાતુર છે.

શહેરમાં કોરોના માટે પ્રથમ લહેરમાં હોટસ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો નીકળી રહ્યા છે તેને લઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં કર્મયોગીભવનના તબીબ, પા.યો.ભવનનો સેવક, ડ્રાયવર, સાયન્ટીફીક ઓફિસર, સ્વીગી ફૂડનો કર્મયોગી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રનો કર્મયોગી, મેડીકલ રિપ્રેઝન્ટેટીવ, કર્મયોગી ભવનનો કર્મયોગી, જનસેવાભવનનો કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨ માંથી ૧૧, સે. ૩ માંથી ૫, સે. ૧, ૭ અને ૩-એ-ન્યુમાંથી ૪-૪ કેસ, સે. ૨૭ માંથી ૩, સે. ૨૪ માંથી ૩, સે. ૫ માંથી બે કેસ મળી આવવા ઉપરાંત સે, ૪, ૮, ૧૪, ૨૯, ૨૨, ૨૩, ૨૫ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ માસ્ક ફરજીયાતના સઘન અમલીકરણ પર ભાર મુકવામાં આવ્યો છે. શહેરમાં સે. ૨ એ હવે કોરોના માટે હોટસ્પોટ બની ચુક્યુ છે. આ સેક્ટરમાંથી જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

સે. ૨ ઉપરાંત સે, ૮, ૧, ૩, ૨૭, ૨૪ માંથી પણ જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૫૦૦ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાં ૪૮૦ થઈ વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે અને ૮ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જણાવતાં સૂત્રોએ કહ્યુ છે કે આજે રજાના દિવસે પણ ૧૨૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. શહેરમાં ધન્વંતરી રથ પણ ફરી રહ્યા છે.

## આપ કે દ્વાર પહોંચ્યા... ● પાંચમા પાનાનું ચાલુ

આયોજન થાય છે. કુંભમેળામાં લાખો લોકો અમૃત પ્રાપ્તિની કામનાથી ભાગ લે છે. પુરાણોમાં તેની મહત્તા દર્શાવી છે અગ્નિ પુરાણમાં તો ઉલ્લેખ છે કે કુંભમાં પ્રતિદિન સ્નાન કરવાનું કરોડો ગાયોના દાન કરવા બરાબર છે. તેમાં સ્નાન, દાન, જ્ઞાન મંથન, મુંડન વગેરેનું વિશેષ મહત્વ બતાવ્યું છે પરંતુ વર્તમાન સ્થિતિમાં કુંભમેળામાં જવું અનેક લોકો માટે શક્ય નથી જેથી કુંભમેળા-હરિદ્વારનું ગંગા સ્નાન ઘેર..ઘેર સુધી પહોંચે અને પ્રજા નિયત કરેલા ૪ દિવસમાંથી ઘરમાં કરેલ ગંગામાતાના દેવ સ્થાપનની બોટલમાંથી ૧૦ ટીપાં પાણી ભરી ડોલમાં નાખી સ્નાન કરે તો કુંભમેળામાં સ્નાન કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે. ગત રોજ બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં રેખા પટેલના ત્યાં હર હર ગંગે - ઘર ઘર ગંગે કાર્યક્રમનું આયોજન થયું હતું. બાયડમાં અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ ઘરે ગંગા માતાનું દેવસ્થાપન થયું છે. જેમના ઘરે દેવસ્થાપન થયું હોય ત્યાં ગાયત્રી પરિવાર દ્વારા આકર્ષક ફોટો, હરિદ્વારની ગંગાનું બોટલમાં પાણી અને કેટલુંક સાહિત્ય પણ આપવામાં આવી રહ્યું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ઈડર, વડાલી, ચોરીવાડ સહિતના અનેક વિસ્તારોમાં ગાયત્રી પરિજનો દ્વારા હર હર ગંગે - ઘર ઘર ગંગેના કાર્યક્રમો ચાલી રહ્યાનું ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રચારક મનહરભાઈ પટેલે જણાવ્યું છે.

કયા દિવસે ઘરે સ્નાન કરવું.. તા.૧૨ એપ્રિલ, સોમવાર, સોમવતી અમાસએ તા.૧૪ એપ્રિલ, બુધવાર, વૈશાખી પર્વએ તા.૨૧ એપ્રિલ, બુધવાર, રામનવમીએ તા.૨૭ એપ્રિલ, મંગળવાર, ચૈત્ર સુદ પુનમ

## લોકડાઉન... ● છેલ્લા પાનાનું ચાલુ

છે ત્યારે ગરમીએ પણ ઉગ્ર મિજાજ દાખવતા નાગરિકો હવે ઘરમાં જ સલામતી અનુભવી રહ્યા છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે શહેરીજનો હવે ઘરમાં પુરાયેલા રહેવાનુ જ પસંદ કરી રહ્યા છે. સમગ્ર શહેરમાં આજે દિવસ દરમિયાન લોકડાઉન જેવો માહોલ જોવા મળ્યો હતો. વેપારીઓએ પણ ઘણાંખરા શોપિંગમાં સ્વયંભુ દુકાનો બંધ રાખી હતી.